RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 315* Date: 04.09.2023,Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## P Mએ કહ્યું- કાશ્મીર-અરુણાચલમાં G20 બેઠક કરવી એ અમારો અધિકાર : દેશના દરેક ભાગમાં ઈવેન્ટ થશે



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાશ્મીર અને અરુણાચલ પ્રદેશમાં જી૨૦ બેઠક યોજવા પર પાકિસ્તાન અને ચીનના વાંધાને ફગાવી દીધો છે. તેમણે કહ્યું કે અમને અમારા દેશના કોઈપણ ભાગમાં બેઠક યોજવાનો અધિકાર છે. તેમણે ગયા અઠવાડિયે ન્યૂઝ એજન્સીને આપેલા ઈન્ટરવ્યૂમાં આ વાત કહી હતી. આ ઈન્ટરવ્યૂની માહિતી રવિવારે સામે આવી છે.ખરેખરમાં, ચીન (જી૨૦ સભ્ય) અને પાકિસ્તાને કાશ્મીરના કેટલાક વિસ્તારોમાં જી૨૦ કાર્યક્રમનું આયોજન કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો. બંને દેશોએ જણાવ્યું હતું કે કાશ્મીર વિવાદિત વિસ્તાર છે, તેથી અહીં કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ નહીં.આ અંગે પીએમએ કહ્યું કે જો અમે કાશ્મીર અને અરુણાચલમાં બેઠક કરવાનું ટાળ્યું હોત તો આવો પ્રશ્ન વાજબી હોત. આપણો દેશ ઘણો વિશાળ, સુંદર અને વૈવિધ્યસભરતાથી ભરેલો છે. દેશમાં જી૨૦ની બેઠક યોજાઈ રહી છે ત્યારે દેશના દરેક ભાગમાં બેઠકો યોજાય તે સ્વાભાવિક છે.અગાઉ ૨૮ ઓગસ્ટે ચીને એક નકશો જાહેર કર્યો હતો અને અરુણાચલ અને અક્સાઈ ચીનને પોતાનો હિસ્સો જાહેર કર્યો હતો. પીએમના આ નિવેદનને ચીનની આ કાર્યવાહીના જવાબ તરીકે પણ જોવામાં આવી રહ્યું છે.ચીનના અખબાર ગ્લોબલ ટાઈમ્સે સોશિયલ મીડિયા પર નકશો જાહેર કર્યો છે. જેમાં ભારતનો કેટલોક વિસ્તાર ચીને પોતાના ભાગમાં દર્શાવ્યો હતો.

ચીનના અખબાર ગ્લોબલ ટાઈમ્સે સોશિયલ મીડિયા પર નકશો જાહેર કર્યો છે. જેમાં ભારતનો કેટલોક વિસ્તાર ચીને પોતાના ભાગમાં દર્શાવ્યો હતો.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ન્યૂઝ એજન્સીને ઈન્ટરવ્યૂ આપ્યો હતો. જેમાં તેમણે કહ્યું કે દેશ ૨૦૪૭ સુધીમાં વિકસિત દેશ બની જશે. ત્યારે આપણા જીવનમાં ભ્રષ્ટાચાર, જાતિવાદ અને કોમવાદને કોઈ સ્થાન નહીં હોયે કાશ્મીર અને અરુણાચલ પ્રદેશમાં જી૨૦ બેઠક યોજવા પર પાકિસ્તાન અને ચીનના વાંધાને ફગાવી દીધો. તેમણે કહ્યું કે અમને દેશના કોઈપણ ભાગમાં બેઠક યોજવાનો અધિકાર છે. ખરેખરમાં, ૨૮ ઓગસ્ટે ચીને એક નકશો જાહેર કર્યો હતો જેમાં અરુણાચલ અને અક્સાઈ ચીનને તેનો હિસ્સો દર્શાવવામાં આવ્યો હતો.પીએમ મોદીએ કહ્યું કે 'સૌનો સાથ સૌનો વિકાસ' માત્ર દેશ માટે જ નહીં પરંતુ વિશ્વ માટે પણ માર્ગદર્શક સિદ્ધાંત બની શકે છે. વિશ્વ જી૨૦ બેઠકમાં કહેલા આપણા શબ્દો અને આપણા દૃષ્ટિકોણને માત્ર વિચારો તરીકે નથી માનતું, પરંતુ તેને ભવિષ્ય માટેના રોડમેપ તરીકે જુએ છે.અધ્યક્ષતાથી ઘણા સકારાત્મક ફેરફારો આવી રહ્યા છે, જેમાંથી કેટલાક મારા હૃદયની ખૂબ નજીક છે. વિશ્વનો પરિપ્રેક્ષ્ય, જે અત્યાર સુધી જીડીપી પર કેન્દ્રિત હતો, તે હવે મનુષ્યો પર કેન્દ્રિત થઈ રહ્યો છે. આ પરિવર્તનમાં ભારતે મહત્ત્વની ભૂમિકા ભજવી છે.પીએમ મોદીએ કહ્યું કે લાંબા સમય સુધી દુનિયા ભારતને ૧૦૦ કરોડ ભૂખ્યા લોકોનો દેશ માનતી હતી, પરંતુ હવે આપણે ૧૦૦ કરોડ મહત્ત્વાકાંક્ષી મન અને ૨૦૦ કરોડ કુશળ હાથોનો દેશ બની ગયો છે. ભારતીયો પાસે આજે વિકાસનો પાયો નાખવાની તક છે જે આગામી હજાર વર્ષ સુધી યાદ રાખવામાં આવશે. ટોપ અર્થવ્યવસ્થાઓની યાદીમાં અમે એક દાયકા કરતાં ઓછા સમયમાં મોટી છલાંગ લગાવી છે. ટૂંક સમયમાં ભારત વિશ્વની ત્રણ સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સામેલ હશે.

## દિલ્હીમાં સગીરે ટ્યુશન ટીચરનું ગળું કાપી નાખ્યું:વીડિયો વાયરલ કરવાની ધમકી આપતો હતો

યૌન શોષણથી પરેશાન ૧૪ વર્ષના છોકરાએ દિલ્હીના બાટલા હાઉસમાં તેના ટ્યુશન ટીચરની હત્યા કરી નાખી. આ ઘટના ૩૦ ઓગસ્ટની છે, પરંતુ પોલીસ ૧ સપ્ટેમ્બરે સગીર સુધી પહોંચી શકી હતી.પોલીસનું કહેવું છે કે મૃત્યુ પામનાર મોહમ્મદ વસીમ નામનો વ્યક્તિ સગીરનું સતત યૌન શોષણ કરતો હતો. તેણે શોષણનો વીડિયો વાયરલ કરવાની ધમકી પણ આપી હતી.૩૦ ઓગસ્ટે પણ તેણે સગીરને જામિયા નગર સ્થિત તેના ફ્લેટમાં બોલાવ્યો હતો. પરંતુ છોકરાએ તક ઝડપી લીધી અને પેપર કટર વડે વસીમનું ગળું કાપી નાખ્યું.સાઉથ ઈસ્ટ દિલ્હીના ડીસીપી રાજેશ દેવના જણાવ્યા અનુસાર, ૩૦ ઓગસ્ટના રોજ લગભગ ૨.૧૫ વાગ્યે, પીસીઆર કોલ આવ્યો કે જામિયા નગરના બાટલા હાઉસમાં એક મકાનના બીજા માળે એક રૂમમાંથી લોહી નીકળી રહ્યું છે અને રૂમ ખુલ્લો હતો. પોલીસે સ્થળ પર પહોંચીને વસીમનો મૃતદેહ જમીન પર પડેલો જોયો હતો અને તેના ગળા પર ઊંડી ઈજાના નિશાન હતા.વસીમ તેના પરિવાર સાથે ઝાકિર નગરમાં રહેતો હતો. જે ફ્લેટમાં તેની હત્યા થઈ હતી તે ફ્લેટ ભાડે આપવામાં આવ્યો હતો.



## અભેદ્ય સુરક્ષાકવચ:જી-૨૦: સુરક્ષા જવાનો ઝૂકશે-બેસશે કે જગ્યા બદલશે તો તુરંત એલર્ટ મળશે

દેશની સૌથી મોટી ગ્લોબલ ઈવેન્ટ જી-૨૦ શિખર સંમેલન દરમિયાન પહેલીવાર વિદેશી મહેમાનોની સુરક્ષા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) આધારિત કેમેરાનો ઉપયોગ કરાઈ રહ્યો છે. આ કેમેરાનો ઉપયોગ ફક્ત પોલીસકર્મીઓની ઓળખ માટે નહીં પણ સમારંભના સ્થળની આસપાસ ફરજ નિભાવતા પોલીસકર્મીઓ કે અન્યની દેખરેખ માટે પણ થશે. જો કોઈ પોલીસકર્મી તેની જગ્યા પરથી ગાયબ થઈ જશે, સ્થળ બદલશે, ઝૂકશે-બેસી જશે કે પછી પાંચ મિનિટ સુધી કોઈ હલનચલન નહીં કરે તોપણ એઆઈ કેમેરા તે માહિતી તુરંત જ ઉપરી પોલીસકર્મી કે સેના કમાન્ડ સેન્ટર કે ડ્યૂટી સુપરવાઈઝરને મોકલી દેશે. બાદમાં એ પોલીસકર્મી સાથે વૉકીટૉકીની મદદથી પૂછપરછ કરાશે.




સમારંભના સ્થળે એઆઈથી સજ્જ કેમેરા અને આરએફઆઈડી ગેટ પણ બનાવાયા છે. સમારંભના સ્થળે અંદર અને બહાર ફરજ નિભાવી રહેલા પોલીસકર્મીઓને વિશેષ કાર્ડ પણ અપાશે. તે દરેક કાર્ડ પર જુદો ડ્યૂટી કોડ હશે. તે કાર્ડને મશીનમાં નાંખતા જ પોલીસકર્મીની એન્ટ્રીનો પહેલો તબક્કો પૂરો થઈ જશે. પછી એઆઈ કેમેરા પોલીસકર્મીના ચહેરાને સ્કેન કરીને તેનું વિવરણ ચકાસશે. તે માહિતી મેચ થશે તો જ પોલીસકર્મીને પ્રવેશ મળશે.જો કાર્ડ ખોવાઈ જશે કે માહિતી મેચ નહીં થાય તો પ્રવેશ નહીં મળે.

## આ આફ્રિકન દેશમાં મસ્જિદમાં ઘૂસીને હુમલાખોરોએ ગોળીઓ વરસાવી, સાતના મોત

આતંકવાદની આગમાં સળગી રહેલા આફ્રિકન દેશ નાઈજિરિયાના ઉત્તર પશ્ચિમમાં આવેલા કડુના નામના રાજ્યની એક મસ્જિદમાં નમાઝ પઢી રહેલા લોકો પર થયેલા ફાયરિંગમાં સાતના મોત થયા છે.સ્થાનિક પોલીસના કહેવા પ્રમાણે હથિયારોથી સજ્જ લોકોની એક ગેંગે મસ્જિદ પર હુમલો કર્યો હતો.આ હુમલો શુક્રવારની મોડી રાત્રે કરવામાં આવ્યો હતો.આ સમયે મસ્જિદમાં નમાઝ પઢવા માટે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા.હુમલામાં સેંકડો લોકો ઘાયલ થયા છે અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.નાઈજિરિયાના ઉત્તર પશ્ચિમ હિસ્સામાં છેલ્લા ત્રણ વર્ષથી હથિયારધારી ગેંગોએ આતંક મચાવી રાખ્યો છે.હજારો લોકોનુ અત્યાર સુધીમાં અપહરણ કરવામાં આવ્યુ છે.કેટલાય લોકોની હત્યાઓ થઈ છે.દેશના આ હિસ્સામાં કેટલાક રસ્તાઓ તો મુસાફરી કરવા માટે પણ અસલામત બની ચુકયા છે.નાઈજિરિયાના સુરક્ષા દળો માટે આ હુમલા પરેશાની વધારી રહ્યા છે.કારણે દેશના પૂર્વોત્તર રાજ્યોમાં છેલ્લા ૧૪ વર્ષથી ચાલી રહેલા ઈસ્લામી વિદ્રોહનો પણ સુરક્ષાદળો સામનો કરી રહ્યા છે.દક્ષિણ પૂર્વ રાજ્યોમાં પણ ભાગલાવાદી સંગઠનોના હુમલા વધી રહ્યા છે.

## વન નેશન, વન ઈલેક્શન માટેની સમિતિમાં શાહ, સાલ્વે સામેલ: અધીર રંજને જોડાવાનો ઈનકાર કર્યો

'એક દેશ, એક ચૂંટણી' માટે પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય સમિતિની રચનાની જાહેરાત કર્યાના એક દિવસ પછી કેન્દ્ર સરકારે તેની સમિતિનું જાહેરનામું બહાર પાડ્યું છે. આ સમિતિમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી અને રાજ્યસભામાં વિપક્ષના પૂર્વ નેતા ગુલામ નબી આઝાદ સહિત આઠ સભ્ય છે.આ સમિતિમાં ૧૫મા નાણાપંચના પૂર્વ અધ્યક્ષ એન.કે. સિંહ, લોકસભાના પૂર્વ મહાસચિવ ડૉ. સુભાષ કશ્યપ, વરિષ્ઠ વકીલ



હરીશ સાલ્વે અને પૂર્વ ચીફ વિજિલન્સ કમિશનર સંજય કોઠારીનો પણ સભ્યો તરીકે સમાવેશ કરાયો છે. કેન્દ્રીય કાયદા અને ન્યાયમંત્રી અર્જુન રામ મેઘવાલ સમિતિના વિશેષ આમંત્રિત અને કાયદા વિભાગના સચિવ નિતેન ચંદ્રા આ સમિતિના સચિવ હશે. શનિવારે બહાર પડાયેલા જાહેરનામામાં કહેવાયું છે કે આ સમિતિ પંચાયતોથી લઈને લોકસભા સુધી એકસાથે ચૂંટણી કરાવવાની શક્યતાઓ તપાસશે.આ જાહેરનામામાં કાયદાપંચના ૧૭૦મા રિપોર્ટને ટાંકીને કહેવાયું છે કે દર વર્ષે અને નિર્ધારિત સમય વગર યોજાતી ચૂંટણીઓ રોકવી જોઈએ. આપણે ફરી એકવાર ૧૯૫૧-૫૨થી ૧૯૬૭ સુધી અસ્તિત્વમાં રહેલી એક દેશ, એક ચૂંટણીની સિસ્ટમ પર પાછા જવું જોઈએ. અસામાન્ય સંજોગોમાં અલગ ચૂંટણી યોજવી જોઈએ. આ ઉપરાંત નિયમ એવો હોવો જોઈએ કે પાંચ વર્ષમાં એકવાર લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ યોજવી જોઈએ. ઉલ્લેખનીય છે કે ડિસેમ્બર ૨૦૧૫માં સંસદની સ્થાયી સમિતિએ તેના ૭૯મા રિપોર્ટમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં કરાવવાની ભલામણ કરી હતી.

## અમદાવાદમાં એપલ એર ટેગથી મહિલાની જાસૂસી:કારની ડ્રાઇવિંગ સીટના કવરમાં લગાવ્યું, સાયબર સેલમાં ફરિયાદ

એપલ એરટેગ વડે મહિલાની સતામણી અને પીછો કરવાનો દેશનો પહેલો ગુનો અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે નોંધ્યો. કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે જોડાયેલી મહિલાની સતામણી માટે આ એરટેગનો ઉપયોગ થતો હોવાનું સામે આવ્યુ છે. જોકે, સાયબર ક્રાઈમે આ અંગે ગુનો નોંધી મહિલાનો પીછો કરનાર કોણ છે? તે અંગે તપાસ શરૂ કરી છે. આ સાથે જ કયા કારણોસર મહિલાનો પીછો કરવામાં આવતો હતો? તે અંગે પણ માહિતી એકઠી કરવામાં આવી રહી છે.શહેરનાં પૂર્વ વિસ્તારમાં રહેતી અને કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે જોડાયેલી મહિલા એ થોડા સમય પહેલા સાયબર ક્રાઈમમાં એક રજૂઆત કરી હતી. જેમાં મહિલાનું



કહેવુ હતું કે, તેની ખાનગી માહિતી કોઈ હેકર પાસે પહોચી જાય છે. જેમાં તે ક્યાં ફરે છે. કોની સાથે વાતચીત કરે છે? કોની સાથે ટેક્સ મેસેજ કરે છે? તે તમામ માહિતી હેકર પાસે પહોચે છે. આ રજૂઆત બાદ તપાસ કરતાં હકીકત સામે આવી કે, મહિલાની માહિતી મેળવવા માટે મહિલાની ગાડીમાં એપ્પલ એરટેગ લગાવ્યું હતું. જેથી મહિલાની માહિતી ચોક્કર આરોપી સુધી પહોંચતી હતી.મહિલા વેપારીની રજૂઆત બાદ સાયબર ક્રાઈમે તપાસ કરતા મહિલાની ગાડીમાંથી એક એરટેગ મળ્યુ હતું. જે મહિલાનું ન હોવાનું સામે આવતા પોલીસે તેની તપાસ શરૂ કરી હતી. આ એરટેગની મદદથી પોલીસ આરોપી સુધી પહોચી શકશે. બીજી તરફ આ એરટેગ મારફતે આરોપી મહિલાનું લોકેશન, તેનો કોલ અને મેસેજ ડેટા પણ મેળવી લેતો હતો અને તે જ માહિતી આરોપી મહિલાને આપી તેને બ્લેકમેઈલ કરવા કે તેની સતામણી માટે ઉપયોગ કરતો હતો.સાયબર ક્રાઈમની તપાસમાં હકીકત સામે આવી કે, મહિલાની ગાડીની સાફસફાઈ કરનાર યુવક દ્વારા આ એરટેગ તેની ગાડીમાં મુકવામાં આવ્યું હતું

## ક્રિમિયા બ્રિજ બચી ગયો, હુમલા માટે યુક્રેને મોકલેલા 3 ડ્રોન રશિયાએ છેલ્લી ઘડીએ તોડી પાડ્યા

યુક્રેન દ્વારા ફરી એક વખત રશિયા અને ક્રિમિયાને જોડતા બ્રિજને ટાર્ગેટ બનાવવામાં આવ્યો હતો.જોકે રશિયાના સદનસીબે આ હુમલો નિષ્ફળ નિવડ્યો હતો. મળતી વિગતો પ્રમાણે યુક્રેનના ત્રણ ડ્રોન બ્રિજ પર હુમલો કરવા માટે બ્રિજની નજીક પહોંચી ચુકયા હતા.છેલ્લી ઘડીએ રશિયાની સેનાએ આ ડ્રોનને તોડી પડ્યા હતા.આ પહેલા પણ યુક્રેન દ્વારા આ બ્રિજને નુકસાન પહોંચાડવા માટે ડ્રોન એટેક થઈ ચુકયા છે.યુક્રેનને ખબર છે કે, આ બ્રિજ જો તોડી પાડવામાં આવે તો યુક્રેનમાં લડી રહેલા રશિયન સૈનિકોને સપ્લાય પહોંચાડવો રશિયા માટે મુશ્કેલ બની જશે.જોકે આ હુમલા બાદ બ્રિજને કામચલાઉ ધોરણે બંધ કરવામાં આવ્યો છે.એક વર્ષમાં બ્રિજ બંધ કરવો પડ્યો હોય તેવુ ત્રીજી વખત બન્યુ છે. આ હુમલા અંગે યુક્રેન તરફથી કોઈ નિવેદન આવ્યુ નથી.બ્રિજ ઉડાવવાનો પ્રયાસ કરી રહેલા ડ્રોનને તોડી પાડવાની સાથે સાથે રશિયાએ યુક્રેનની બોર્ડર પર યુક્રેનના બીજા બે ડ્રોન પણ તોડી પાડ્યા છે.તેની સામે યુક્રેનની સેનાએ કહ્યુ છે કે, છેલ્લા ૨૪ કલાકમાં રશિયાએ રોકેટ લોન્ચરો વડે ૪૨ હુમલા કર્યા છે

## તંત્રી લેખ......

# ભારત સાથેના વેપાર કરારની વાટાઘાટને કેનેડાએ અટકાવી દીધી

ભારત સાથેના વેપાર કરારની વાટાઘાટને કેનેડાએ અચાનક જ અટકાવી દેવાનો નિર્ણય કરતા દેશના નીતિનિર્ણાયકોને આશ્ચર્ય થયું છે.વર્તમાન વર્ષમાં જ પ્રારંભિક વેપાર કરાર કરવા આતુર હોવાનું બન્ને દેશો દ્વારા જાહેર કરાયાના ત્રણ  મહિનામાં કેનેડાએ વાટાઘાટને હાલ પૂરતું સ્થગિત કરી દેવાનું જાહેર કર્યું છે. વાટાઘાટમાં અત્યારે અમે ક્યાં છીએ તેનો અંદાજ મેળવવા માગીએ છીએ એમે કેનેડા વતિ સ્પષ્ટતા કરવામાં આવી છે.વિસ્તૃત આર્થિક ભાગીદાર દેશ બનવા કેનેડા તથા ભારત ૨૦૧૦થી ચર્ચાવિચારણા કરી રહ્યા છે. વેપાર વાટાઘાટલાંબી છે અને પ્રક્રિયા જટિલ છે માટે અમે સ્થિતિનો અંદાજ મેળવવા વાટાઘાટ સ્થગિત કરીએ છીએ એમ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડીઓની ભારત મુલાકાત પહેલા પત્રકારો સાથેની વાતચીતમાં કેનેડાના એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું. જો કે આ સંદર્ભમાં વધુ વિગતો આપવાનું તેમણે ટાળ્યું હોવાનું એક ન્યુઝ ચેનલે જણાવ્યું હતું. વિવાદોના ઉકેલ માટે યંત્રણાની સ્થાપના સાથે વેપાર વધારવા અને ઈન્વેસ્ટમેન્ટના વિસ્તરણ કરવા વર્તમાન વર્ષમાં પ્રારંભિક કરાર કરી લેવાની બન્ને દેશો તરફથી મેમાં જાહેરાત કરાઈ હતી.જી-૨૦ શિખર પરિષદ વખતે કેનેડા તથા અન્ય દેશો સાથે મુકત વેપાર કરાર પર ચર્ચા કરવાભારત સરકાર ઉત્સુક હોવાનું ભારતના વાણિજ્ય મંત્રાલયના એક અધિકારીએ તાજેતરમાં જણાવ્યું હતું.

# મંગલપુર ગ્રામ પંચાયતમાં આવેલ સનરાઈઝ સ્કૂલના સંચાલકે રોડ,સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવા માલપુર T D Oને આવેદન



અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના મંગલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ સનરાઈઝ સ્કૂલના સંચાલકોએ ગ્રામ પંચાયત માં રોડની વારંવાર માંગણીની અવગણના થતા તેમજ સ્ટ્રીટ લાઈટ અને સફાઈની સુવિધા નહીં મળતા શાળામાં અભ્યાસ કરતા વાલીઓ સાથે માલપુર તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી સ્કૂલ દ્વારા ગ્રામ પંચાયતના તમામ વેરા ભરવા છતાં મંગલપુર ગ્રામ પંચાયત સુવિધા આપવામાં ઊણી ઉતરી હોવાથી શાળામાં અભ્યાસ કરતા બાળકોને તકલીફ પડતા તાત્કાલિક રોડ બનાવવાની માંગ કરી હતી

મંગલપુર ગ્રામ પંચાયતમાં આવેલ સનરાઈઝ સ્કૂલના સંચાલક અને વાલીઓએ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું હોવા અંગે ગ્રામ પંચાયત સરપંચ દિપાલી બેન પટેલ સાથે વાત કરતા જણાવ્યું હતું કે આ સ્કૂલ ખાનગી છે તદુપરાંત એક મકાનના બે વર્ષનો અને બીજા મકાનના ચાર વર્ષનો વેરો બાકી છે તેમજ સનરાઈઝ સ્કૂલ હાઈવે થી એક કિમિ દૂર હોવાથી ત્યાં નવીન રોડ બનાવવા ૧૦ લાખથી વધુનો ખર્ચ થાય તેમ હોવાથી ૧૦ લાખથી વધુની ગ્રાંટ ફાળવણી ખાનગી સ્કૂલના રોડ બનાવવા માટે કરવામાં આવે તો મંગલપુર ગામના વિકાસના કામો અટકી શકે તેમ છે તેમ છતાં અગાઉ આ અંગે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી છે તંત્ર સ્પેશિયલ રોડ માટે ગ્રાંટ ફાળવે તો શક્ય બને તેમ છે એક ખાનગી સ્કૂલના રોડ માટે સમગ્ર ગામનો વિકાસ રૂંધાઇ જાય તેમ છે અને મંગલપુર ગ્રામ પંચાયતની ઈમેજ ખરડાવાનો પ્રયત્ન થઈ રહ્યો હોવાનો સ્કૂલના સંચાલક સામે આક્ષેપ કર્યો હતો

# મરાઠા આરક્ષણઃ આગ, તોડફોડ અને હંગામો,૩૬૦ લોકો સામે એફઆઈઆર નોંધાઈ

મુંબઇ,તા.૩

મહારાષ્ટ્રમાં મરાઠા આરક્ષણની  માગે જોર પકડ્યું છે. અનામતની માગને લઈને જાલનાના ઘણા વિસ્તારોમાં હિંસા ફાટી નીકળી હતી. હિંસા બાદ પોલીસ એક્શનમાં છે. અત્યાર સુધીમાં પોલીસે હિંસા અને આગચંપીમાં સામેલ ૩૬૦થી વધુ લોકો સામે કેસ નોંધ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર હિંસામાં કથિત રૂપે સામેલ ૧૬ લોકોની ઓળખ કરવામાં આવી છે, જેઓ મરાઠા આરક્ષણની માંગ સાથે મનોજ જરાંગેના નેતૃત્વમાં ભૂખ હડતાળ પર હતા. મનોજ જરાંગે લાંબા સમયથી મરાઠા આરક્ષણની માંગને લઈને ચાલી રહેલા આંદોલનનું નેતૃત્વ કરી રહ્યા છે.

મરાઠા આરક્ષણની માંગને પગલે અંબડ તહસીલના અંતરવાલી સારથી ગામમાં ભીડને વિખેરવા માટે પોલીસે લાઠીચાર્જ કર્યો, ત્યારે હિંસા ફાટી નીકળી હતી. આ દરમિયાન પોલીસે ટીયર ગેસના શેલનો પણ ઉપયોગ કર્યો હતો. આ લોકો મંગળવારથી જ મનોજ જરાંગેના નેતૃત્વમાં અનામતની માંગ સાથે એકઠા થયા હતા, જ્યારે મનોજ જરાંગે ભૂખ હડતાળ પર બેઠા હતા. પોલીસે મનોજ જરાંગેને વિરોધ સ્થળ પરથી ઉપાડીને હોસ્પિટલમાં દાખલ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ પછી સ્થિતિ વણસી ગઈ. હિંસામાં લગભગ ૪૦ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર પ્રદર્શનકારીઓએ બસો અને ખાનગી વાહનોમાં તોડફોડ કરી હતી, જ્યારે ગ્રામજનોએ દાવો કર્યો હતો કે પોલીસે લાઠીચાર્જ દરમિયાન અનેક રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. શુક્રવારે આ કાર્યવાહી બાદ મરાઠાઓએ નાશિક, થાણે અને લાતુર સહિત અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું.

# નાલંદા લો કોલેજ દ્વારા ઓરીએન્ટેશન પ્રોગ્રામ ઉજવાયો



નાલંદા લો કોલેજ દ્વારા ઓરીએન્ટેશન પ્રોગ્રામ ની ભવ્ય ઉજવણી કરવામા આવી હતી આ પ્રોગ્રામમા મુખ્ય મહેમાન તરીકે ગુજરાત હાઈકોર્ટ ના સિનિયર એડવોકેટ અને હાલના ગુજરાત બાર કાઉન્સીલ  ના મેમ્બર એવા ડો.પરેશ જાની સાહેબ હાજર રહ્યા હતા તથા તેઓએ જી.એસ.ટી તથા કાયદાકીય  વિષયો ઉપર મહત્વપુર્ણ જાણકારી આપેલી ગુજરાત બાર કાઉન્સીલ ના ફાઈનાન્સ કમીટી ના ચેરમેન શંકરસિંહ ગોહિલ હાજર રહ્યાં હતા તથા તેઓએ ફોજાદારી તથા દીવાની કાયદા વિશે જાણકારી આપેલી આ પ્રોગ્રામમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રી ડો.શંકરસિંહ રાણા, એ પ્રેરક પ્રવચન આપેલ  ડો.પાયલબા રાણા આ પ્રોગ્રામમા હાજર રહી આ પ્રસંગ ને સુસોભીત કર્યા આ સમગ્ર ફંકશનનુ સફળ આયોજન લો કોલેજના પ્રિન્સિપાલ સમીમ.એ. ઘાંચી તેમજ તેમના સમગ્ર સ્ટાફ દ્વારા કરવામા આવ્યુ લો કોલેજના પ્રિન્સિપાલ સમીમ.એ. ઘાંચી મેડમે કાર્યક્રમ ના અંતે આભાર વિધિ કરી કાર્યક્રમ ને સફળ બનાવ્યો.

# કેન્દ્રની પીએલઆઈ યોજના હેઠળ સમગ્ર દેશમાં રૂ. ૨.૮ લાખ કરોડનું રોકાણ થવાનો અંદાજ

નવીદિલ્હી,તા.૩

દેશમાં સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક ખૂબ જ મહત્વાકાંક્ષી યોજના શરૂ કરી, જેને પીએલઆઇ એટલે કે ઉત્પાદન લિંક્ડ ઈન્સેન્ટિવ કહેવામાં આવે છે. હવે આ યોજનાના વિસ્તરણને લઈને કરવામાં આવેલા સંશોધનમાં ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિસિસ એ તાજેતરમાં એક રિપોર્ટ બહાર પાડ્યો છે, જે મુજબ ગુજરાત, તમિલનાડુ અને કર્ણાટક એ ત્રણ રાજ્યો છે જે પીએલઆઇ(પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ) સ્કીમ હેઠળ અંદાજિત સીએપીઈએકસના સૌથી મોટા ભાગીદાર હશે.

સીઆરઆઈએસઆઈએલએ તેના અહેવાલમાં કરેલા ૧૪ મુખ્ય ક્ષેત્રોમાંથી ૯ એસીસી બેટરી, સોલર પીવી, ટેકસટાઈલ સેકટર, મોબાઈલ, ફૂડ પ્રોસેસિંગ, ટેલિકોમ, ગુડ્સ, આઈટી હાર્ડવેર અને મેડિકલ ડિવાઈસ સેકટર છે. આ ક્ષેત્રોમાં પીએલઆઇ (પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ) યોજના હેઠળ દેશમાં લાખો કરોડનું રોકાણ થવાની અપેક્ષા છે.

સંશોધન મુજબ, ભારતમાં અત્યાર સુધીમાં રૂ. ૨.૮ લાખ કરોડના અંદાજિત ૫ ા ી અ ે લ સીએપીઈએકસના ૨૮ ટકા એટલે કે રૂ. ૩૬,૦૦૦ કરોડથી વધુનું રોકાણ એકલા ગુજરાતમાં થવાની ધારણા છે. ગુજરાતમાં પીએલઆઇ સીએપીઈએકસનું ૨૮% રોકાણ પીએલઆઇ રોકાણ એડવાન્સ્ડ કેમિસ્ટ્રી સેલ બેટરી સેક્ટરમાં રૂ. ૯,૦૦૦ કરોડ, સોલાર પીવી સેક્ટરમાં રૂ. ૨૪,૦૦૦ કરોડ, ટેક્સટાઈલ સેક્ટરમાં રૂ. ૩,૦૦૦ કરોડ અને ફૂડ પ્રોસેસિંગ સેક્ટરમાં રૂ. ૫૦૦ કરોડનું વર્ગીકૃત કરવામાં આવ્યું છે.



જો કે, તમિલનાડુ રૂ. ૪૨,૦૦૦ કરોડથી વધુના અંદાજિત રોકાણ સાથે આ કેટેગરીમાં પ્રથમ સ્થાને આવી શકે છે, એટલે કે અંદાજિત ૫ ા ી અ ે ૨ ા અ ા ઈ સીએપીઈએકસના ઘણી મહત્વપૂર્ણ બાબતો સામે આવી છ ે . સીઆરઆઈએસઆઈએલ માર્કેટ એક તૃતીયાંશ. ૨૮ રૂપિયા એટલે કે ૩૬,૦૦૦ કરોડથી વધુના અંદાજિત રોકાણ સાથે ગુજરાત બીજા ક્રમે છે. જ્યારે કર્ણાટક ૧૧ ટકા એટલે કે ૧૪,૦૦૦ કરોડ રૂપિયાના અંદાજિત રોકાણ સાથે આ શ્રેણીમાં ત્રીજા સ્થાને છે. તે જ સમયે, જો આપણે ભારતના અન્ય તમામ રાજ્યોમાં ૨૫ રાજ્યો વિશે વાત કરીએ, તો તેમને ફક્ત ૨૮ ટકા એટલે કે આ ૯ ક્ષેત્રોમાં પીએલઆઇ તરફથી ૩૬,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ મળવાની અપેક્ષા છે.

દેશમાં સોલાર પીવી સેક્ટરમાં અંદાજિત ૫ ા ી અ ે ૨ ા અ ા ઈ સીએપીઈએકસમાં ગુજરાતનો હિસ્સો ૭૬ ટકા એટલે કે રૂ. ૨૪,૦૦૦ કરોડથી વધુ હોવાનો અંદાજ છે. જ્યારે બાકીના ૨૪ ટકા આંધ્ર પ્રદેશને મળવાની ધારણા છે. આ ૯ ક્ષેત્રોમાં એસીસી બેટરીમાં રોકાણની સંભાવના સૌથી વધુ હોવાનો અંદાજ છે, જે રૂ. ૫૨,૦૦૦ કરોડ છે. તમિલનાડુ આ અંદાજિત રોકાણની સંભાવનાનો મહત્તમ લાભ મેળવી શકે છે જે ૬૭ ટકા એટલે કે આશરે રૂ. ૩૫,૦૦૦ કરોડ છે જ્યારે ગુજરાત અને કર્ણાટકને એસીસી બેટરી ક્ષેત્રમાં ૧૭ ટકા એટલે કે આશરે રૂ. ૯,૦૦૦ કરોડ મળવાની અપેક્ષા છે.સંશોધનમાં ગુજરાતના આંકડાઓ વિશે જણાવ્યું કે અમારું અનુમાન છે કે ભારતમાં પીએલઆઇ યોજના હેઠળ સીએપીઈએકસ હાલમાં રૂ. ૨.૮ લાખ કરોડ છે. તેમાંથી ૧.૪ લાખ કરોડ રૂપિયાનું લોકેશન પણ ફાઈનલ થઈ ગયું છે. આમાંથી લગભગ ૩૦ ટકા રોકાણ ગુજરાતમાં થવાની ધારણા છે. ત્યારબાદ તમિલનાડુ અને કર્ણાટકમાં રોકાણની અપેક્ષા છે.કારણ કે મોટા ભાગના પીએલઆઇ ક્ષેત્રોને વધુ વીજળીની જરૂર પડશે. ગુજરાત છેલ્લા બે દાયકાથી ઊર્જા સરપ્લસ રાજ્ય તરીકે ઓળખાય છે.

# ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણનો જન્મદિવસ ૫ સપ્ટેમ્બરના દિવસને ભારતમાં શિક્ષક દિવસ તરીકે મનાવવામા આવે છે.



શિક્ષકને આપને ત્યાં માતાપિતા પછીનું સર્વોચ્ચ ગણવામાં આવે છે.

કોઈ પણ દેશ અથવા સમાજનું ભાવિ સારુ બનાવવાની જવાબદારી શિક્ષકોની છે જે તે દેશના નાગરિકોને સફળતાના શિખરો સુધી પોહચાડવાનું કામ શિક્ષકો કરે છે

વિદ્યાર્થીઓના જીવનમાં શિક્ષકોનું ખુબ જ અદકેરૂ મહત્વ રહેલું છે કારણકે શિક્ષક વિદ્યાર્થીઓને મૂલ્યવાન શિક્ષણ નેતિક મૂલ્યો શીખવાડે છે

મોટાભાગના વિદ્યાર્થીઓ ચોક્કસપણે શિક્ષકોને જાણે છે તેમની કદર કરે છે માન સન્માન આપે છે જોકે અમુક શિક્ષકોને યોગ્ય માન સન્માન આપતાં નથી દરેક માતાપિતાએ પહેલા પોતે શિક્ષકોને યોગ્ય માનસન્માન આપે પછી પોતાના સંતાનોને બચપણથી શિક્ષકોને આદર માન સન્માન આપે.મારાં જેવા શુન્યને શુન્યનું જ્ઞાન આપ્યું

દરેક અંક સાથે શુન્ય જોડવાનુ મહત્વ સમજાવ્યું અમને જ્ઞાનનો ભંડાર આપી તૈયાર કર્યા.

અમને વાંચતા લખતા શીખાડનાર

અમને સાચું ખોટું સમજાવનાર

અમને મોટા સપના જોતા શીખવાડનાર

અમને આકાશ આંબવાનું સાહસ આપનાર શિક્ષકોને કેવી રીતે ભુલી શકીએ?

હું તો એમ કહીશ કે આ કલયુગમા ઈશ્વરનો ચહેરો છે શિક્ષક હાજી શિક્ષકોમાં તમે ભગવાનના દર્શન કરી શકો છો જીવનની તકલીફો મુસીબતો સામે કેમ લડવું એ મારાં શિક્ષકોએ શીખવ્યું.

શિક્ષક આપણું ભણતર ઘડતર અને ચણતર કરે છે શિક્ષક આપના જેવા અપૂર્ણને પૂર્ણ બનાવે છે

હું અહીં કોઈ એક બે શિક્ષકના નામ લખી બીજા શિક્ષકોને ઓછા આંકવાનું પાપ કરવા માંગતો નથી પણ એટલું જરૂર કહીશ કે મને મારા સમયમાં દુનિયાના સર્વશ્રેષ્ઠ શિક્ષકો મળ્યા હતા આજના પવિત્ર દિવસે હું દુનિયાના તમામ શિક્ષકોને નતમસ્તક કોટી કોટી વંદન કરું છું.

અ ૭ બ ા સ ભ ા ઈ
કૌકાવાલા,સુરત

## માનવી

અમે ગોળ ફરતી પૃથ્વીમાં અટવાતા માનવી

સૂરજના ઉદય અસ્તની મોજ માણતા માનવી

શ્વાસની આવન જાવન પર સદા નભતા માનવી

જીવનની દોડધામમાં સદા અટવાતા માનવી

બાળપણ જુવાની બુઢાપો અસહાય માનવી

'શું પામવું છે' એનાથી સંપૂર્ણ બેખબર માનવી

ગાડા નીચે કૂતરું જાય બધો ભાર મુજ પર

જવાબદારીના બોજ તળે કચડાતાં માનવી

'સંસાર અસાર' છતાં તેમાં રમમાણ માનવી

ખુદને જાણવાની અસમર્થતા ઢાંકવા કાજે

દુનિયાના રહસ્યનો પડદો ચીરતા માનવી

કશું કાયમ નથી જાણે છતાં લાલચુ માનવી

શાંતિની ખોજમાં અશાંતિ ફેલાવે માનવી

એક જ દીશામાં સતત ગતિશીલ માનવી

ન કોઈ કાગળ પત્ર કે ખબર વિરમે માનવી

પ્રવિણા,કડકીયા

## લક્ષ્ય

જન્મ ને મૃત્યુ છે જીવનની ઘટમાળ,
એની વચ્ચે જ જિંદગીની ઓળખાણ;

જીવીએ તો એવો ઉદ્દેશ્ય લઈને કે,
જેથી મરણપર્યંત પણ? નામ વાગોળાય.

કાગ-વાઘની જેમ જીવવું એ નથી જીવન,
લક્ષ્ય પાછળ ગાંડું થાય એ જ માનવજીવન;

મહત્વકાંક્ષાની  કેડી પર અડગ ચાલવા,
પ્રયત્ન, પ્રારબ્ધ ને લક્ષ્ય છે અમૂલ્ય સાધન.

લંગડા ઊંચા શિખરો સર કરી જાય,
લૂલાં પણ સુંદર ચિત્રો રચી કમાય;

આ સફળતા છે દ્રઢ નિશ્ચયનું પરિણામ,
સ્વપ્નોને સાકાર કરે દઈ ચોક્કસ પ્રમાણ.

અણનમ લક્ષ્ય જ છે જીવનનો આધાર,
પ્રયત્ન કરો તો મળે ધ્યેય સદાય;

મનસ્વી કહે સદા રહો પ્રયત્નશીલ તો,
લક્ષ્યની કેડી પર પ્રગતિની ઝાંખી વર્તાય.

ડૉ.ત્વિષા એસ.ભટ્ટ(મનસ્વી)

## વિસામો ખા

હાંફતો પણ નથી તું, આમ દોડી દોડીને,
એ  સમય ઘડીક તો,તું વિસામો ખા,

તું જો કહે તો....આસન બિછાઉં,
તું  જો કહે તો....માન પાન આપું,

ઘડીક  તું પણ, પો'રો ખાતો જા,
એ સમય ઘડીક તો, તું વિસામો ખા,

નિહાળી પણ નથી હજી, લાડોને પાનેતરમાં,
ગૂંથાઇ  છું  વિધી ને, રિતરિવાજોમાં,

ત્યાં જ  આવ્યો કન્યા, વિદાયનો સમય,
એ સમય ઘડીક તો,  તું વિસામો ખા,

પુરો થયો સફર હવે, પારણાથી પાનેતરનો,
પાનેતરથી  પિયુની, પકડી છે વાટજો,

સાસરીએ જતી દિકરીની, વસમી વિદાયમાં,
એ સમય ઘડીક તો, વિસામો ખા.

ધરતી શર્મા "ધરી "(ભુજ )

## સાંબેલાધાર સ્મરણો!

તારી યાદમાં ગોરંભાયું મારા મનનું  આકાશ વાલમા!
લે એક આખું ચોમાસુ આજ મોકલું તને ટપાલમાં!

ગણી ગણીને આજ બસ આમ ભેગી કરું છું,
ખોઈ  જે અનમોલ એવી ક્ષણો જિંદગીની ધમાલમાં!

આઘી જાઉં તો અંતર પડે, ઓરી આવું તો ઝગડો વધે,
પ્રેમ તારો ટપકે છે તારી આ નવતર કમાલમાં!

જિંદગીની ઉલઝનથી પર થઈ, હળવા રહીએ,
પડવું નથી આપણે કોઈ ફાલતુ બબાલમાં!

માગે છે ખુલાસો જગત આખું મને મારા જ પ્રેમનો,
મળશે મારો એક જ જવાબ સૌના શત શત સવાલમાં!

વહે છે આંખમાંથી સ્મરણો સાંબેલાધાર વાલમા!
તને મળશે મૂશળધાર ચોમાસુ જે મોકલ્યું તને ટપાલમાં!

ગીતા પંડ્યા (મુંબઈ)

## તોય ઘણું!,

ઘણા વખતથી પડેલી ખાલી જગ્યા ભરાય ,તોય ઘણું !,

સૈંકડો ઓળખાણોની ભીડની વચ્ચે,
એકાદ સંબંધ જેવું જણાય, તોય ઘણું!,

મતલબ, ઈચ્છા, અપેક્ષા, ફાયદો ,
કંઇક કેટલું નંખાતું હોય છે અહીં,

ભેળસેળ વગરની શુદ્ધ અને ચોખ્ખી થોડી
લાગણીઓ ચણાય, તોય ઘણું!,

હું નથી માનતો કે આ સમયમાં માણસ
બની રહેવું એટલું અઘરું છે!,

અસહાય કોઈ હાથમાં તારો મદદનો હાથ વણાય, તોય ઘણું,

વધુ ક્યાં કશું કરવાનું કહું છું તને !,
વ્યસ્તતાના વાદળો વચ્ચે, કૃષ્ણ-સુદામા બની મિત્રતા આપણી
છલકાય, તોય ઘણું !...

હેમલ ત્રિવેદી (મુંબઈ )

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

NSO SS NO -154

વિષયઃ- શ્રાવણી છઠ, સઃતમ, આઠમ
શબ્દોઃ- ૭૮
શીર્ષકઃ- તહેવારની ઉજવણી
★હાયકુ (૫-૭-૫)★



૧) શ્રાવણ વદ
રાંધણ છઠ્ઠે રાંધી
મા ઠંડું ખાતી...

૨) રાંધણ છઠ્ઠે
રાંધીને મૂકી રાખે
સાતમે ખાય...

૩) શિતળા માત
શ્રાવણી સાતમને
દિન પૂજાય...

૪) ટાઢું ખાવાથી
શરીર સ્ફૂર્તિલું
બનતું હોય...

૫) બાલુડાઓના
સ્વાસ્થ્ય માટે મા
પ્રાર્થના કરે...

૬) ખોળો પાથરી
શીતળા સાતમની
પૂજા કરતી...

૭) જન્માષ્ટમી એ
મધરાતે જન્મ્યા
કાન જેલમાં...

૮) દેવકી કૂખે
અવતર્યા કાનજી
વસ્યા ગોકુળ...

૯) જન્માષ્ટમીની
એ ગોકુળ આઠમે
શ્રી કૃષ્ણ જન્મ...

૧૦) જસોદા જાયો
વનરાવને છાંયો
ગોપીને ભાયો...

૧૧) જશોદા મૈયા
માખણ નથી ખાધું
જોઈલો મોઢું...

૧૨) કાને મોં ફાડ્યું
જશોદા માવડીએ
બ્રહ્માંડ જોયું...

બીના એન પીઠડીયા "વૈદેહી"
અમદાવાદ




તા.૦૩/૦૯/૨૦૨૩, રવિવારના રોજ નૈંસ્છ, ગાંધીનગર બ્રાન્ચના શુભારંભ કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષ તરીકે ગાંધીનગર લોકસભાના પ્રભારી, સાબરમતીના ધારાસભ્ય માન. શ્રી. ડો. હર્ષદભાઈ પટેલ સાહેબ,માણસાના ધારાસભ્ય માન. શ્રી જે.એસ.પટેલ,ગાંધીનગર(દ.)ના ધારાસભ્ય માન. શ્રી. અલ્પેશજી ઠાકોર, ગાંધીનગર(ઉ.)ના ધારાસભ્ય માન. શ્રીમતી રીટાબેન પટેલ,ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર માન. શ્રી. હિતેષભાઈ મકવાણા, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ માન. શ્રી દિલીપભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન માન. શ્રી જશવંતભાઈ પટેલ, નીમા (ગુજરાત)ના પ્રમુખ શ્રી હસમુખભાઈ વૈદ્ય, સેક્રેટરી શ્રી કમલેશભાઈ રાજગોર, આયુષ (ગુજરાત)ના પૂર્વ નિયામક શ્રી દિનેશભાઈ પંડયા અને શ્રીમતી ડો. ભાવનાબેન પટેલ હાજર રહી શોભામાં અભિવૃદ્ધિ કરવા બદલ ખૂબ ખૂબ આભાર




શ્રી ઝાલાવાડ સત્તર તાલુકા ઔદીચ્ય મંડળ, મુંબઈ દ્વારા શ્રાવણી પર્વ નિમિત્તે બે દિવસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તા. ૩૦ ઑગસ્ટના ફક્ત જનોઈ બદલવાનો અને આવેલ બ્રાહ્મણોને બ્રહ્મભોજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જ્યારે તા. ત્રીજી સપ્ટેમ્બર, રવિવારે રક્ષાબંધનની ઉજવણી, વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ, ડાયાબિટીસ પર ડૉ. કેતનભાઈ ભટ્ટ નું પ્રવચન, જ્ઞાતિજનોના મિલનનો અને બ્રહ્મભોજનનો કાર્યક્રમ કાંદિવલી વેસ્ટમાં લોહાણા મહાજન વાડીમાં રાખેલો. વિદ્યાર્થીઓને રોકડ ઈનામ ઉપરાંત પેન અને અન્ય પેકેટ ભેટમાં આપ્યા હતા. ડૉ. ભટ્ટે મધુપ્રમેહ અંગે જાણકારી આપી હતી અને જ્ઞાતિજનોના આરોગ્ય અંગેના સવાલોના જવાબો આપ્યા હતા. પ્રમુખ અજય આચાર્ય, ભૂતપૂર્વ નગરસેવિકા ફાલ્ગુની દવે, રાઘવ શુક્લ, ભરત દવે, મુકેશભાઈ દવે, હેમેન્દ્ર દવે અને અન્ય હોદ્દેદારોએ આ કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપ્યું હતું. હવે દર વર્ષની જેમ આ વખતે પણ ઘાટકોપરમાં નવરાત્રીનો કાર્યક્રમ રાખવા વિચારણા ચાલી રહી છે.

## ખારીધારીયાલ પ્રા.શાળામાં બે અલગ અલગ દાતા દ્વારા પરબનો શેડ અને પાણીનુ કુલર તેમજ તીથી ભોજન અપાયું.

ચાણસ્મા તાલુકાના ખારીધારીયાલ ગામે આવેલ પ્રાથમિક શાળાની અંદર બે અલગ અલગ દાતાઓ દ્વારા પરબનો શેડ અને તીથી ભોજન તેમજ ઠંડા પાણીનું કુલર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળા પરિવાર તેમજ ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.પવિત્ર શ્રાવણ માસમાં વિવિધ સંસ્થાઓ તેમજ દાતાઓ દ્વારા વિવિધ પ્રકારનાં દાન કરવામાં આવતાં હોય છે. ત્યારે ગતરોજ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાની ખારીઘારીયાલ



પ્રાથમિક શાળાની અંદર દાતાશ્રી સ્વ.પટેલ આશીદાસ પ્રભુદાસ પરિવાર તરફથી આપવામાં આવેલ ઠંડા પાણીના કુલર નું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. તેમજ બીજા દાતાશ્રી દેસાઇ મહેશભાઈ કાનજીભાઈ તરફથી તેમના પિતાશ્રીની પુણ્યતિથી નિમીતે શાળાની અંદર આવેલ પાણીની પરબમાં ચોમાસાની ઋતુ દરમિયાન બાળકો પાણીમાં ન ભિંજાય તેવા આશયથી પરબ ઉપર શેડ બનાવી શાળાને અર્પણ કરવામાં આવ્યો હતો. તેમજ તેમના પિતાશ્રીની પુણ્યતિથી નિમીતે શાળાના બાળકો તેમજ ઉપસ્થિત મહેમાનશ્રીઓને કાલાજામ, પુલાવ, કઢી, શાક ,પુરી , છાસ વગેરે જમાડી દરેક બાળકોને ૧૦ રૂપિયાની લાણી પણ આપવામાં આવી હતી. તેમજ શાળા પરિવાર તેમજ ગ્રામજનો દ્વારા દાતાશ્રીનુ સન્માન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે દેસાઇ મહેશભાઈ કાનજીભાઈનો પરિવાર, કાનજીભાઇ જીવણભાઈ દેસાઈ, ઈશ્વરભાઈ જીવણભાઇ દેસાઇ, બાબુભાઈ અમથાભાઈ દેસાઇ,મોતીભાઇ દેસાઈ, કાનજીભાઈ દ્વારકાદાસ પટેલ સહિત ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રિપોર્ટર – નિખિલ જોષી
પાટણ બ્યુરો

## રાજકોટમાં ૨૯ હેકટર જગ્યામાં બનનાર લાયન સફારી પાર્ક પર ૨૪,૯૦૦ ચો.મી. વિસ્તારમાં થયેલ દબાણ દૂર કરી ૬૨.૨૫ કરોડની જમીન ખુલ્લી કરાઈ

રાજકોટ શહેરમાં રાંદરડા નર્સરી નજીક ૨૯ હેકટરની જગ?યામાં એશિયાટીક લાયન સફારી પાર્ક બનાવવા મનપા તંત્ર ગત બજેટમાં ૨૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. જે અંતર્ગત આ વર્ષથી પ્રાથમિક કામની કાર્યવાહી મનપા દ્વારા હાથ ધરવામાં આવી છે. આજે મનપાની ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા આ વિસ્તારમાં થયેલ દબાણ દૂર કરવા કામગીરી કરી મેગા ડિમોલિશન હાથ ધરી ૬૨.૨૫ કરોડની જગ્યા ખુલ્લી કરવામાં આવી છે.રાજકોટ મહાનગર પાલિકાના કમિશનર આનંદ પટેલના આદેશ મુજબ ટાઉન





પ્લાનીંગ ઓફિસર એમ.ડી.સાગઠીયાના માર્ગદર્શન હેઠળ આજે પૂર્વ ઝોન વોર્ડ નં-૬ માં આવેલ પ્રદ્યુમન પાર્કની પાછળ લાયન સફારી પાર્કની જગ્યામાં (ભીચરી રોડ) પર થયેલ ગેરકાયદેસર દબાણો દુર કરવા ટાઉન પ્લાનીગ શાખા દ્વારા ડિમોલીશન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં વાડીના મકાનો તથા ઢોર રાખવા માટેના વંડાની કુલ ૯૦૦ ચો.મી. જગ્યા ઉપરાંત વાવેતર સાથેનો ૨૪,૦૦૦ ચો.મી.નો કબ્જો થયેલ હોવાથી તેના પર બુલડોઝર ફેરવી કુલ ૨૪,૯૦૦ ચો.મી. જગ્યા પર ડિમોલિશન કરી ૬૨.૨૫ કરોડની જમીન ખુલ્લી કરવામાં આવી છે.આ ડિમોલીશનમાં ટાઉન પ્લાનીગ શાખા (ઈસ્ટ ઝોન)ના તમામ સ્ટાફ તથા રોશની શાખા, દબાણ હટાવ શાખા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ફાયર અને ઈમરજન્સી વિભાગ, બાંધકામ શાખા તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખાનો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેરમાં આવેલ પ્રદ્યુમન પાર્ક ખાતે રાજકોટ શહેર તથા આસપાસના જિલ્લાઓના મુલાકાતીઓ ઝૂ ખાતે મુલાકાત માટે આવે છે. જેઓને પ્રાણી સંગ્રહાલય ઉપરાંત નવા નજરાણા સ?વરૂપે લાયન સફારી પાર્ક જેવું ઉત્તમ આકર્ષક ફરવાનું સ?થળ મળી રહે અને સિંહ સંરક્ષણ સંવર્ધનના પ્રયત?નોમાં વધારો થાય તેમજ ઈકોટુરીઝમ ક્ષેત્રે વધારો થાય તે હેતુથી મહાનગરપાલિકા દ્વારા પ્રદ્યુમન પાર્કની પૂર્વ દિશાએ અંદાજે ૩૮ હેકટર જમીન પૈકી ૨૯ હેકટર જમીનમાં લાયન સફારી પાર્ક બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## ભારતીય આધ્યાત્મિકતા રાજયોગા અને આત્મ ચિંતન દ્વારા મનને શિવ સંકલ્પ કરાવતી બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલયના વિસ્તારની પરમ આવશ્યકતા છે : આચાર્ય દેવવ્રત રાજ્યપાલ






ભારતીય અતિ પ્રાચીન સંસ્કૃતિ અધ્યાત્મ પ્રધાન હતી જેને ભૌતિક વિકાસ સાથે અધ્યાત્મિકતાને સદા સર્વોપરી માની આજે ભારતીય અધ્યાત્મિકતા રાજયોગા અને આત્મચિંતન દ્વારા મનને શિવ સંકલ્પ કરાવતી બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલયના વિસ્તારની પરમ આવશ્યકતા છે કારણ કે, શાંતિવન અધ્યાત્મ ભૂમિમાં સુખ-શાંતિ-આનંદ અને પરમ સતાની અનુભૂતિ સહજ પ્રાપ્ત થાય છે . આ શબ્દ બ્રહ્માકુમારીઝ દ્વારા આયોજીત ત્રિદિવસીય કલા સંસ્કૃતિ મહોત્સવના ઉદઘાટન પ્રસંગે યોજાયેલ આબુ શાંતિવન ખાતેના ભવ્ય સમારંભમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી એ ઉચ્ચારેલ.

પોતાના અતિ ગહન ચિંતન સાથેના વક્તવ્યમાં દેવવ્રત જીએ જણાવેલ કે માનવતાની સૌથી મોટી સેવા અન્યના જીવનમાં અધ્યાત્મિકતા દ્વારા સુખ-શાંતિ-સદભાવ અને વસુધૈવ કુટુંબકમની ભાવના જાગૃત કરી ભારતીય સંસ્કૃતિને જીવંત રાખવા સતત પ્રયાસ થાય જે બ્રહ્માકુમારી બહેનો કરી રહેલ છે તેના અનુભવ અહીં આવેલ સર્વને સ્વભાવિક થાય છે. તેમણે આગળ જણાવેલ કે, બહાર થતાં યુદ્ધની શરૂઆત પહેલા મનમાં થાય છે જેમાં કામ-ક્રોધ-લોભ અહંકાર-માનવ મનના મોટા શત્રુ છે તેના પર જીત માટે રાજયોગથી દયા-કરુણા-પવિત્રતા આનંદ અને સકારાત્મકતા જેવા માનવીય ગુણો જીવનને આનંદમય બનાવે છે. પોતાના પ્રવચનમાં આચાર્યજીએ જણાવેલ કે આપણે ચાંદ સુધી પહોંચ્યા સૂર્યની ખોજ માટે સફળ પ્રયત્ન શરૂ કર્યો ભૌતિક વિકાસ સાથે અધ્યાત્મિક વિકાસનો સમન્વય જ સાચા અર્થમાં સર્વાંગી વિકાસ કરી શકે ભારતીય સંસ્કૃતિનું અસલી ચિંતન સર્વ માટે સુખ શાંતિમય જીવન સર્વનું કલ્યાણ છે.જે અહીં સાકાર થતું જોઈ શકાય છે. × સકારાત્મક પરિવર્તનની કળા દ્વારા આનંદમય જીવન× વિષયે યોજાયેલ ભવ્ય મહોત્સવમાં દેશભરના ૩૦૦૦ કલાકારો ભાગ લેવા આવેલ છે જેને સંબોધન કરતા કલા સંસ્કૃતિ વિભાગના રાષ્ટ્રીય અધ્યક્ષ બ્રહ્માકુમારી ચંદ્રિકાબેને જણાવેલ કે બ્રહ્માકુમારીઝ ની અધ્યાત્મિકતા વિશ્વના ૧૩ લાખ યુવા ભાઈ બહેનોના જીવનમાં સકારાત્મકતા લાવી અન્યને પ્રેરણા આપે છે પરમ કલાકાર પરમાત્માની શક્તિ વર્તમાન નકારાત્મકતા ભર્યા વિશ્વમાં ફરી દરેકના જીવનમાં આત્મશક્તિ અને ગુણોનો વિકાસ કરી માનસિક પરિવર્તન કરે છે. સમારંભમાં ૬૦ ફિલ્મોમાં પોતાનો મુખ્ય રોલ અદા કરનાર અભિનેત્રી મધુએ પોતાના જીવનના સકારાત્મક પરિવર્તનનો આધાર રાજ્યોગા અને ઈશ્વરીય જ્ઞાનને બતાવી તેના પર ચાલવા સર્વને અનુરોધ કરેલ.ભવ્ય સમારંભમાં આત્મ અનુભૂતિ અને શાંતિ માટે ગહન અનુભૂતિ રાજયોગ દ્વારા બ્રહ્માકુમારી તૃપ્તિ બેહેને કરાવેલ જ્યારે ગાંધીનગર સેક્ટર.૨૮, સેવાકેન્દ્ર પ્રભારી રાજયોગીની કૈલાશ દીદીએ પરમાત્મા શિવના આહવાન દ્વારા મંચ પરથી ઈશ્વરીય શક્તિ સભર વાયબ્રેશન પ્રકંપિત કરેલ.

# મે'હોણા બહારથી ચકાચક, પણ અંદર તો...:ઉભરાતી ગટરો, તૂટેલા રસ્તાઓ અને રખડતાં ઢોરથી સ્થાનિકો તોબા પોકારી ઊઠ્યા

મહેસાણા શહેર દિવસે ને દિવસે હરણફાળ પ્રગતિ કરી રહ્યું છે. શહેરમાં અન્ય સિટીઓની માફક મોટા મોટા મોલ અને અનેક વિકાસનાં કામો થઈ રહ્યાં છે, પણ ક્યાંક ને ક્યાંક શહેરવાસીઓ પાયાની સુવિધાથી વંચિત છે. ઉત્તર ગુજરાતના સૌથી મોટા શહેર મહેસાણામાં સ્થાનિકોને અનેક સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે, ત્યારે દિવ્ય ભાસ્કર ડિજિટલના રિપોર્ટર અપૂર્વ રાવળે સતત પાંચ દિવસ અલગ અલગ વિસ્તારોની મુલાકાલ લઈને લોકોની સમસ્યા જાણીને તંત્ર સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે.મહેસાણા શહેરમાં દિવ્ય ભાસ્કર ડિજિટલના રિપોર્ટરે શહેરના માનવ આશ્રમ, સંજય નગર, ઉચરપી રોડ,



પોલીસ હેડક્વાર્ટર વિસ્તાર, રાધનપુર રોડ, કસબા વિસ્તાર અને પરા વિસ્તાર સહિતના અલગ અલગ વિસ્તારોની મુલાકાત લીધી તો કેટલાક વિસ્તારોમાં રોડ-રસ્તા, ગટર અને રખડતાં ઢોરની અનેક સમસ્યા સ્થળ પર જોવા મળી હતી. મહેસાણામાં આટલો વિકાસ હોવા છતાં પ્રજાને સારી એવી સુવિધાઓ મળી નથી રહી. ત્યારે સ્થાનિકો સાથે વાતચીત કરતાં લોકોમાં તંત્ર સામે ભારે નારાજગી જોવા મળી રહી છે.

મહાનગરપાલિકા બનવાનાં સપનાં જોતી મહેસાણા પાલિકા હાલના સમયમાં લોકોને સારી એવી સુવિધા આપવામાં નિષ્ફળ નીવડી રહી હોય એવું લાગી રહ્યું છે. સ્થાનિકોએ ઢગલો સમસ્યા દિવ્ય ભાસ્કરની ટીમને જણાવી હતી. આવો વિસ્તારથી જોઈએ આ અહેવાલમાં...મહેસાણાના અંદરના વિસ્તારમાં એટલે કે પરા વિસ્તાર, ગોપીનાળા અને કસબા વિસ્તારમાં મુખ્ય તો રખડતાં ઢોર અને ગટરની સમસ્યા છે. તેમજ કેટલાક વિસ્તારોમાં પાલિકાએ આર.સી.સીના રોડ તોડી તેની નીચેથી ગટરની લાઈનો નાખ્યા બાદ યોગ્ય પુરાણ ન કરતા રસ્તાઓ બિસમાર બન્યા હોવાનું પણ જોવા મળ્યું હતું. કેટલાક વિસ્તારોમાં સફાઈનો અભાવ જોવા મળ્યો હતો. ત્યારે લોકો સાથે વાતચીત કરતા લોકોએ પોતાના વિસ્તારની સમસ્યા જણાવી હતી. તેમજ કેટલાક લોકોએ તો તંત્રમાં રજૂઆત કરી હોવા છતાં કોઈ પરિણાન ન મળ્યાનું જણાવીને બળાપો કાઢ્યો હતો. તો કેટલાક વિસ્તારોમાં ઉભરાતી ગટરો વચ્ચે નાનાં બાળકો, મહિલાઓ, લારીઓવાળા અને રાહદારીઓને ગંદકીમાં ચાલીને પોતાનાં કામો માટે જતા કેમેરામાં કેદ થયા હતા.માનવ આશ્રમ પાસે ૧૦૮ ઓફિસ પાછળની સોસાયટીમાં રહેતા રેવાભાઈએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું કે, અમારા વિસ્તારમાં મુખ્ય સમસ્યા ગટરની છે. જે તે સમયે ગટર લાઈન નાખી એ નાની લાઈન નાખી છે. એના કારણે થોડું પણ પાણી ભરાય એટલે ગટરો ઉભરાય છે. ગટર ઉભરાતા પાણી સીધું રોડ પર ફેલાઈ જાય છે. રોડ પર આવતા જતા લોકોને ગંદા પાણીની દુર્ગંધ મારે છે. બાજુમાં જ શાળા આવેલી છે. નાનાં બાળકો પણ આ જ પાણીમાં ચાલીને શાળાએ આવ-જા કરે છે. ગટરો ઉભરાવવાને કારણે રોગચાળો ફેલાવાની શક્યતાઓ સેવાઈ રહી છે. આ સમસ્યા છેલ્લા બે વર્ષથી છે. ગટરો ઉભરાવવાથી લોકોને ગંદીવાસમાંથી પસાર થવું પડે છે. શું કરીએ ગંદા પાણીમાંથી જવું પડે છે, આ વિસ્તારમાં અંદાજે બે હજાર પરિવાર વસવાટ કરે છે અને પાંચથી છ સોસાયટી આ રોડ પર આવેલી છે.

# પાટણ જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા શિક્ષકોના પડતર પ્રશ્નો મુદ્દે વિરોધ પ્રદર્શિત કરાયો

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના આદેશ મુજબ પાટણ જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા જિલ્લા મથક પાટણ ખાતે સીંધવાઈ માતાજી મંદિર સંકુલમાં રામધુનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં જિલ્લાભરમાંથી શિક્ષકો, આચાર્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પોતાની વિવિધ પડતર માંગણીઓ સરકાર દ્વારા પુરી નહિ કરવામાં આવતા શિક્ષકો છેલ્લા ઘણા સમયથી પડતર માંગોને લઈને જુદા જુદા આંદોલનાત્મક કાર્યક્રમો કરી રહ્યા છે તે અંતર્ગત આજે સરકારને જગાડવા રામધૂન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

રામધૂન કાર્યક્રમમાં શિક્ષકોએ ઢોલક, મંજીરા અને માઈક સાથે સંગીતમય વાતાવરણમાં રામધૂન બોલાવી હતી. તે ઉપરાંત શિક્ષણ બચાવો ગુજરાત બચાવો, ઓપીએસ લાગુ કરો, ગ્રાન્ટેડ શાળાઓ બચાવો, શિક્ષકોની કાયમી ભરતી કરો,અધિકારીઓની ઉપસ્થિતિમાં વિધાનસભાની ચૂંટણીઓ પહેલા માંગણીઓનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

આ અંગે મંત્રી દ્વારા પત્રકાર પરિષદમાં પણ સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. વિધાનસભાની ચૂંટણી અગાઉ સરકાર દ્વારા તમામ પ્રશ્નોના ઉકેલ અંગેની ખાતરી આપી ટૂંક સમયમાં તમામ ઠરાવ કરવા સ્વીકારવામાં આવ્યો હતો. ચૂંટણીઓ બાદ શિક્ષણમંત્રીએ તમામ પરિપત્રો કરવાની ખાતરી આપી હતી ત્યારબાદ ગત એપ્રિલ માસમાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે શિક્ષણમંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા, શિક્ષણ સચિવ વિનોદ રાવ ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડના અધ્યક્ષ એ. જે. શાહ અને સંબંધિત તમામ અધિકારીઓની હાજરીમાં સંકલન સમિતિ સમક્ષ મંત્રીએ પત્રકાર પરિષદમાં શાળાઓનું નવું સત્ર શરૂ થાય તે પહેલા તમામ ઠરાવ બહાર પાડવાની જાહેરાત કરી હતી તેમ છતાં તેનો અમલ ના થતાં પાટણ શહેરના સિંધવાઈ માતાજીના મંદિર ખાતે શિક્ષકો અને આચાર્યો દ્વારા પડતર પ્રશ્નોને લઈ રામધુન બોલાવવામાં આવી હતી

# થરાદના ભૂરિયામાં ૧૧મુખી હનુમાનજી આશ્રમ ખાતે જગત કલ્યાણ ૧૫૦મો સુંદરકાંડ પાઠ થયો



થરાદના ભૂરિયામાં ૧૧મુખી હનુમાનજી આશ્રમ ખાતે જગત કલ્યાણ ૧૫૦મો સુંદરકાંડ પાઠ થયો સાલંગપુર ખાતે થયેલુ હનુમાનજી નુ અપમાન નહી શોંખી લેવાય.. ઘેવરદાસ મહારાજ થરાદ તાલુકાના ભૂરિયા ગામે ૧૧મુખી હનુમાનજી આશ્રમ ખાતે મહંત ઘેવરદાસ મહારાજના જગત કલ્યાણ માટે દર શનિવારે સુંદરકાંડ પાઠ કરવાના સત સંકલ્પ અન્વયે મહંત ઘેવરદાસ મહારાજના કંઠે સતત ૧૫૦મા શનિવારે ગણમાન્ય લોકોની હાજરીમા સુંદરકાંડ પાઠ થયો

આ પ્રસંગે ૧૧મુખી હનુમાનજી ધામ ના મહંત શ્રી ઘેવરદાસ મહારાજે સાલંગપુર મુકામે સનાતન ધર્મ ના રામસેવક હનુમાનજી ની વિરાટ પ્રતિમા ને સ્વામીનારાયણ તિલક તથા પ્રતિમા ના નીચે હનુમાનજી ને સ્વામીઓની સેવા કરતા બતાવવા બદલ આકરી જાટકણી કાઢી હતી મહંતશ્રીએ તો ત્યાં સુધી જણાવેલ કે જે મુખ્ય મંદિર ની મૂર્તિ ને પણ સ્વામીનારાયણ તિલક કરેલ છે આ લોકો વારંવાર ભૂલો કરે અને માફી માંગે તે કોઈ રીતે મંજૂર નથી આ લોકો સનાતન ધર્મ ના દેવોને નીચુ દેખાડવાનુ સદંતર બંધ કરે નહીંતર આકરા પરિણામો ભોગવવા તૈયાર રહે

# પાટણ તાલુકા સંકલન સમિતિના પ્રાંત અધિકારી પાટણ ના અધ્યક્ષ સ્થાને બેઠક મળી

પાટણ તા.૩ ગાંધીનગર મેટ્રો સામંત પરમાર પાટણ તાલુકા સંકલનવ ફરીયાદ સમિતિ ની બેઠક શનિવારે પ્રાંત અધિકારી પાટણ ના અધ્યક્ષ સ્થાને પાટણ તાલુકા સેવા સદન મામલતદાર કચેરી ખાતે અરજદારો તેમજ જેતે વિભાગ ના જવાબદાર અધિકારીઓ ની હાજરીમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું આજે યોજાયેલી બેઠકમાં રજુ કરવામાં આવેલ અરજદારો ના વિવિધ પ્રશ્ર્નો જેવા કે લોન બાબતે કરેલી અરજીઓનું ત્વરિત નિરાકરણ જે તે ગામમાં ઘરથાળના પ્લોટ માટે ગામતળ નક્કી કરી અરજદારને ઘરથાળના મકાન બાંધવા માટે પ્લોટ ની માપણી કરી આપવા બાબત તેમજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા મંજૂર થયેલી અરજીઓની સબસીડી મંજૂર કરવા બાબત જેવા ગામડાના સામાન્ય માણસને વિકાસમાં જરૂરી લગતા



મુદ્દાઓ બાબતે પ્રાંત અધિકારી દ્વારા સંલગ્ન વિભાગ ના અધિકારીઓ તેમજ કર્મચારીઓ સાથે ચર્ચા કરી વહેલી તકે પ્રશ્નોના નિરાકરણ લાવવા માટે સુચન કરવામાં આવ્યુ હતું. પાટણ મામલતદાર કચેરી ખાતે મળેલી સંકલન વ ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં પાટણ પ્રાંતઅધિકારી ,પાટણ મામલતદાર, પાટણ તાલુકા વિકાસ અધિકારી પાટણ તાલુકા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તેમજ જે તે વિભાગના અધિકારીઓ તેમજ અરજદરો સહિત મોટી સંખ્યામાં આજના ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં જે તે પ્રશ્નોની રજૂઆતો માટે અરજદારએ હાજરી આપી પોતાના વિવિધ પ્રશ્નો સંકલન સમિતિ સમક્ષ રજૂ કરી તેનો વહેલી તકે નિકાલ લાવવા માટે કરેલી રજૂઆત સંકલન વ ફરિયાદ સમિતિના સમિતિના અધ્યક્ષ શ્રી એ સાંભળી તમામ પ્રશ્નોનુ વહેલી તકે નિરાકરણ લાવવામાં માટે જે તે અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી અને આવનારા થોડા સમયમાં જ અરજદારોની તમામ પ્રકારની અરજીઓનું સુખદ નિરાકરણ લાવવામાં આવશે તેવી અરજદરો ને ખાતરી આપી હતી..

# ભિલોડા શ્રી સરસ્વતી શારદા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ગૌરવ વધાર્યું

ભિલોડા ભારત વિકાસ પરિષદ શાખા દ્વારા રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.હિન્દી ગાનમાં ૨૦ શાળાએ ભાગ લીધો હતો. સંસ્કૃત ગાનમાં ૧૦ શાળાએ ભાગ લીધો હતો.સંસ્કૃત ગાનમાં શ્રી સરસ્વતી શારદા પ્રાથમિક શાળા,ભિલોડાના વિદ્યાર્થીઓએ દ્વિતિય નંબર પ્રાપ્ત કર્યો હતો.શાળા સંચાલક મંડળના ટ્રસ્ટીઓ,આચાર્ય સહિત સ્ટાફ પરીવારે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.બાળકોમાં રાષ્ટ્ર પ્રેમની ભાવનાનું સિંચન થાય તે હેતુસર ભારત વિકાસ પરિષદ, ભિલોડા શાખા દ્વારા સમગ્ર કાર્યક્રમનું ભગીરથ આયોજન કર્યું હતું.કાર્યક્રમમાં સમારંભના ઉદ્ઘાટક લાભુભાઈ આર. પંડ્યા (પૂર્વ :- આચાર્ય એન.આર.એ.વિદ્યાલય,ભિલોડા, શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા,ગુજરાત સરકાર), સમારંભના અધ્યક્ષ ફાલ્ગુનભાઈ વોરા સાહેબ (પ્રમૂખ :- ભારત વિકાસ પરિષદ, ગુજરાત મધ્ય પ્રાંત) અને ભીખુદાન ગઢવી (લોકગાયક) ઉપસ્થિત રહ્યા હતા.ભારત વિકાસ પરિષદ,ભિલોડા શાખા ધ્વારા આયોજિત કાર્યક્રમમાં ભિલોડા તાલુકામાંથી આવેલ વિવિધ શાળાઓના આચાર્યો,શિક્ષકો અને વિદ્યાર્થીઓ પ્રભાવિત થયા હતા.

## અરવલ્લી : ક્ષત્રિય કરણી સેના પરિવાર તાલુકા ઉપાધ્યક્ષ લખેલી કાર માંથી ૪૮૦ વિદેશી દારૂની બોટલ સાથે બાયડ પોલીસે ૨ને દબોચ્યા

અરવલ્લી જીલ્લા પોલીસવડા શૈફાલી બારવાલે પોલીસતંત્રને પ્રોહીબીશની શખ્ત કાર્યવાહીના આદેશના પગલે જીલ્લા પોલીસ દોડાદોડી કરી રહી છે બાયડ પોલીસે એસડીએમ કચેરી સામે હાઈવે પરથી ક્ષત્રિય કરણી સેના પરિવાર તાલુકા ઉપાધ્યક્ષ લખેલ સ્વીફ્ટ કારમાંથી ૪૮ હજાર ના દારૂ સાથે બે બુટલેગરોને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધી હતા મહીસાગર તાલુકાના ચોરસા ગામના કુખ્યાત બુટલેગર જયદીપસિંહ ચૌહાણે સ્વીફ્ટ કારમાં દારૂ ભરી આપ્યો હતો અને નિરમાલી ગામમાં પહોંચી બુટલેગરે આપેલ મોબાઈલ નંબર ધારક બુટલેગરના ત્યાં પહોંચાડવાનો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી ક્ષત્રીય કરણી સેના પરિવાર તાલુકા ઉપાધ્યક્ષ બોર્ડ લગાવી કારમાં દારૂની હેરાફેરી થતી હોવાથી સમગ્ર પંથકમાં તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું હતું

# ગાંધીનગરમાં હપ્તા વસુલી કરતા પોલીસ કર્મી સામે પોલીસ વડાએ કડકપગલા ભર્યા, ટ્રાફિક કોન્સ્ટેબલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યો



ગાંધીનગરમાં ખાખીની આડમાં હપ્તા વસુલી કરતી પોલીસ માટે જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીએ ચેતવણીરૂપ નિર્ણય કર્યો છે. જિલ્લા ટ્રાફિક પોલીસ મથકમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલને ફરજમાં બેદરકારી બદલ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાનો હુકમ કરવામાં આવતાં પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે.ગાંધીનગર જિલ્લા પોલીસ વડા તરીકે રવિ તેજા વાસમએ ચાર્જ સંભાળતાની સાથે જ ગમે તે ઘડીએ બુલેટ ઉપર નગરચર્યા કરવામાં આવી રહી છે. એસપી રવિ તેજા વાસમ શેટ્ટી પોલીસની સાથે ટ્રાફિક મેનેજમેન્ટ કરવા માટે પણ રોડ ઉપર ઉભા રહી જતાં હોય છે. ત્યારે પોલીસ વડાની કામ કરવાની આગવી ઢબની ધીમે ધીમે જિલ્લા પોલીસને પણ ચમકારો મળવા લાગ્યો છે.

પોલીસ વડાએ ગાંધીનગરમાં પગ મૂકતાંની સાથે જ તાબાની પોલીસને સીધી લીટીમાં ફરજ બજાવવાની સૂચનાઓ આપી દેવામાં આવી હતી. તેમ છતાં ખાખીની આડમાં હપ્તા વસુલી કરતા પોલીસ કર્મચારીઓ સામે પોલીસ વડાએ ધ્યાન કેન્દ્રીત કરવાનું શરૂ કરી દીધું છે. અક્ષરધામ વિસ્તારમાં પોતાની ફરજ ફરજ દરમ્યાન ટ્રાફિક કોન્સ્ટેબલ સંજય ડામોરે એક ટ્રેક્ટર ચાલકને રોકીને કનડગત કરવાનું શરૂ કર્યું હતું.આ દરમિયાન અત્રેના રોડ પરથી પસાર થતા પોલીસ વડાની નજર ટ્રાફિક કોન્સ્ટેબલ પર પડી હતી અને તેઓ તુરંત જ કોન્સ્ટેબલ પાસે પહોંચી ગયા હતા. જ્યાં ટ્રેક્ટર ચાલકને રોકવાનું કારણ પોલીસ વડાને ખબર પડી ગઈ હતી. જેનાં પગલે તેમણે કોન્સ્ટેબલ સંજયનો બરોબરનો ઉધડો લીધો હતો. બાદમાં પોલીસ વડા ત્યાંથી રવાના થઈ ગયા હતા.આ ઘટના પછી કોન્સ્ટેબલનાં મનમાં એવું હતું કે, મામલો શાંત પડી ગયો છે. પરંતુ પોલીસ વડાએ કોન્સ્ટેબલને એસપી કચેરીએ આવવા માટે તેડું મોકલ્યું હતું. એટલે કોન્સ્ટેબલ સંજય પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી સમક્ષ હાજર થઈ ગયો હતો. જો કે, પોલીસ વડાએ ફરીવાર કોન્સ્ટેબલનો ઉધડો લીધો હતો અને તાત્કાલિક અસરથી ફરજમાં બેદરકારી દાખવવા બદલ કોન્સ્ટેબલ સંજયને સસ્પેન્ડ કરવાનો હુકમ કરી તાબાની પોલીસને આડકતરી રીતે પરચો આપી દેવામાં આવ્યો છે.

# સ્ટ્રીટ લાઇટો બંધ : સેક્ટર - ૨૨માં ૧૫ દિવસથી અંધારપટ

ગાંધીનગરના સેક્ટર-૨૨માં ઘ- ટાઈપ અને ચ- ટાઈપના સરકારી મકાનોના ચોકઠામાં સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી છેલ્લા ૧૫ દિવસથી અંધારપટ છવાયેલો છે. સ્ટ્રીટલાઈટનું મેઈન્ટેનન્સ સંભાળતી કંપની દ્વારા ઉડાઉ જવાબ આપવાને કારણે



વસાહતીઓ પરેશાન થઈ ગયા છે.ગાંધીનગર શહેરની તમામ સ્ટ્રીટલાઈટો એલઈડી કરવાની સાથે તેના મેઈન્ટેનન્સની જવાબદારી પણ કેન્દ્ર સરકારના ઉર્જા મંત્રાલયની એજન્સી ઈઈએસએલને સોંપવામાં આવી છે પરંતુ કંપનીની નબળી કામગીરીને કારણે નાગરિકો ત્રાસી ગયા છે. સેક્ટર-૨૨માં બંધ સ્ટ્રીટલાઈટ મામલે રહિશો દ્વારા ૧૫થી વધુ ફરિયાદો કરવામાં આવી છે.

# એક મહિનાની ડ્રાઇવમાં સૌથી વધુ કેસ કરાયા:શહેરમાં પોલીસની એક મહિનાની ડ્રાઇવમાં ઓવરસ્પીડના ૫૬૧ અને રોંગ સાઇડના ૨૧૯ કેસ

તથ્ય પટેલે ઈસ્કોન બ્રિજ પર ઓવરસ્પીડમાં કાર ચલાવી ૯ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ ઘટના બાદ રાજ્યના ડીજીપીએ એક મહિના સુધી પોલીસને ડ્રીંક એન્ડ ડ્રાઈવ, ઓવરસ્પીડ, સ્ટંટ, ડાર્કફિલ્મ સહિતના કેસ કરવા સૂચના આપી હતી. તથ્ય કેસ બાદ પોલીસ રોજ રાતના સમયે આ પ્રકારના કેસો



કરી રહી છે. ગાંધીનગર ટ્રાફિક પોલીસ દ્વારા પણ એક મહિના સુધી આ ડ્રાઈવ ચલાવાઈ હતી. આ ડ્રાઈવ દરમિયાન ગાંધીનગરમાં સૌથી વધુ કેસ ઓવરસ્પીડના અને પરમિટ વગરના વાહનોના પકડાયા છે. ગાંધીનગર ટ્રાફિક પોલીસ પાસે એક ઈન્ટરસેપ્ટર વાન છે. જેની મદદથી અલગ અલગ વિસ્તારોમાં ઓવરસ્પીડના કેસો કરવામાં આવી રહ્યા છે.ગાંધીનગર પોલીસ દ્વારા એકતરફ ટ્રાફિક મેનેજમેન્ટ અને અકસ્માત અટકાવવા માટે વિવિધ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. બીજીતરફ નિયમોના ભંગ કરતા વાહનચાલકો સામે કાર્યવાહી કરવા સતત ચેકીગ અને પેટ્રોલિંગ પણ કરવામાં આવી રહ્યું છે. ડીજીપીની સૂચનાના પગલે ગાંધીનગર ટ્રાફિક પોલીસે એક મહિનાની સ્પેશિયલ ડ્રાઈવ ચલાવી હતી. આ ડ્રાઈવમાં પોલીસે રેસ લગાવતા, સ્ટંટ કરતા અને દારૂ પીને વાહન ચલાવતા ૨૬૧ નબીરાઓને પકડી પાડ્યા હતા. આ ડ્રાઈવમાં કુલ ૫,૨૭૨ કેસ કરી ઓન ધ સ્પોટ ૧૫.૯૨ લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.